રાજ્યના સ્ટેટ ડેટા સેન્ટર ખાતે વેબસાઈટ/એપ્લીકેશન હોસ્ટિંગ, આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ, સ્ટોરેજ, વી.પી.એન. વગેરે **જેવી સેવાઓ મેળવવા માટેના ઓનલાઇન પોર્ટલના અમલીકરણ બાબત**

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
બ્લોક નં.૭, ૫મો માળ, સચિવાલય
પરિપત્ર ક્ર: DST/WEB/e-file/24/2022/0006/IT
તારીખ: ૦૮.૦૩.૨૦૨૨.

<u>વંચાણે લીધા:</u> વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ પરિપત્ર નં. *WEB/10/2013/7126/IT(Part-I),*
તા.૨૮/૦૪/૨૦૨૧

<u>પરિપત્ર:</u>

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના વંચાણે લીધેલ તા.૨૮/૦૪/૨૦૨૧ના પરિપત્રથી ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર ખાતે વેબસાઈટ/એપ્લીકેશન હોસ્ટિંગ, આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ, સ્ટોરેજ, વી.પી.એન. વગેરે જેવી સેવાઓ મેળવવા માટેની પ્રક્રિયાને સરળ બનાવવા માટેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ.

૨. આ વિભાગ હેઠળના સ્ટેટ ડેટા સેન્ટર (SDC) ખાતે ઉકત ફકરા-૧ માં જણાવેલ સેવાઓ મેળવવા માટે હાલ સંબંધિત વિભાગ તથા કચેરીઓ દ્વારા પત્ર લખીને અથવા ઈ-મેઈલના માધ્યમથી આ વિભાગને અથવા ગુજરાત ઇન્ફર્મેટિક્સ લિમિટેડ (જી.આઇ.એલ) ને અરજી/દરખાસ્ત જણાવવામાં આવે છે. જેને તબક્કાવાર ચકાસણી કરીને પ્રથમ SDC, GIL દ્વારા અને ત્યારબાદ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા આખરી કરવામાં આવે છે.

3. SDC ખાતે સેવાઓ મેળવવાની દરખાસ્તો પર કાર્યવાહી કરવાની ઉક્ત કાર્યપદ્ધતિમાં ઘણો સમય વ્યતિત થતો હોવાથી હવેથી આવી સેવાઓ મેળવવાની દરખાસ્તો વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના <u>*https://dst.gujarat.gov.in/dstservices*</u> લીંકથી એક્સેસ થતાં ઓનલાઇન પોર્ટલ પર જ કાર્યવાહી કરવાની રહેશે.

૪. પ્રસ્તુત પોર્ટલ મારફત ગુજરાત સરકારના વિવિધ વિભાગો તેમના તાબા હેઠળની ખાતાના વડાની કચેરી, બોર્ડ, નિગમ, અન્ય કચેરીની વેબસાઈટ/એપ્લિકેશન હોસ્ટિંગ, આઇ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ, સ્ટોરેજ, વી.પી.એન. વગેરે જેવી સેવાઓ મેળવવા માટેની દરખાસ્તો ઓનલાઈન મોકલવાની રહેશે. આવી દરખાસ્તો પર આ પોર્ટલના માધ્યમથી જ ઓનલાઈન સ્વરૂપે કાર્યવાહી કરવામાં આવશે અને આ પોર્ટલ મારફત જ તે અંગેના અંતિમ નિર્ણયની સંબંધિતોને જાણ પણ કરવામાં આવશે.

૫. પ્રસ્તુત પોર્ટલની સેવાઓ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વેબસાઇટ પરથી નીચેની યુ.આર.એલ. લિંક પરથી જી-સ્વાન ઇન્ટ્રાનેટ નેટવર્ક પર ઉપલબ્ધ થઇ શકશે.

https://dst.gujarat.gov.in/dstservices

૬. પ્રસ્તુત પોર્ટલ પર દરખાસ્ત મોકલવાની પદ્ધતિ:

સ્ટેટ ડેટા સેન્ટર ખાતે સેવાઓ મેળવવા માટેની દરખાસ્ત કરનાર ખાતાના વડાની કચેરી, બોર્ડ, નિગમ અથવા અન્ય કચેરીએ વેબસાઈટ/એપ્લિકેશન હોસ્ટિંગ, આઇ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ, સ્ટોરેજ, વી.પી.એન. વગેરે જેવી સેવાઓ મેળવવા માટે સંબંધિત વહીવટી વિભાગની સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવીને જરૂરી તમામ વિગતો તથા સિક્યોરિટી ઓડિટ ક્લિયરન્સ સર્ટિફિકેટ જેવા દસ્તાવેજો સાથે સંબંધિત વહીવટી વિભાગના આઈ.ટી. વિષય સંભાળતા સેકશન અધિકારીના એકાઉન્ટમાંથી પ્રસ્તુત પોર્ટલ પર ઓનલાઈન સબમિટ કરવાની રહેશે.

સંબંધિત વહીવટી વિભાગના આઈ.ટી. વિષય સંભાળતા સેકશન અધિકારીશ્રી તેમના જીસ્વાનના વેબમેઈલ યુઝર આઈ.ડી. અને પાસવર્ડથી પ્રસ્તુત પોર્ટલને એક્સેસ કરી શકશે. ઓનલાઈન દરખાસ્ત ભરવા માટેની માર્ગદર્શિકા/SOP આ સાથે **પરિશિષ્ટ-૧** તરીકે સામેલ રાખેલ છે. આ વિષયમાં વધુ માર્ગદર્શનની જરૂરિયાત જણાય તો નિયામકશ્રી, આઇ.સી.ટી અને ઇ-ગવર્નન્સની કચેરી તથા GIL ના જે-તે વિભાગમાં નિમણૂક કરવામાં આવેલ અધિકારી / કર્મચારીનો સંપર્ક કરવાનો રહેશે.

૭. સંબંધિત વિભાગો દ્વારા તેમની સેવાઓ મેળવવાની ઓનલાઇન દરખાસ્ત મોકલતા પહેલા જે તે પ્રોજેક્ટના સ્કોપ ઓફ વર્ક તથા ટેકનિકલ સ્પેસિફિકેશનને અનુરૂપ છે કે નહી તે બાબતે વહીવટી વિભાગને ફાળવેલ સંબંધિત આઇ.ટી. સંવર્ગના સંબંધિત અધિકારીના પરામર્શમાં યોગ્ય રીતે ચકાસણી કરાવ્યા બાદ જ ઓનલાઇન દરખાસ્ત સબમિટ કરવાની રહેશે.

(તરંગ અંધારિયા)
સેકશન અધિકારી(આઈ.ટી.)
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ

૧. સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર (વહીવટી વિભાગના તાબા હેઠળની તમામ ખાતાના વડાની કચેરી, બોર્ડ, કોર્પોરેશન, સંસ્થાઓના ધ્યાને મૂકી અમલ કરાવવાની વિનંતી સહ)

૨. નિયામકશ્રી, આઈ.સી.ટી અને ઇ-ગવર્નન્સ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

૩. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઇન્ફર્મેટિક્સ લિમિટેડ, કર્મયોગી ભવન, ગાંધીનગર

૪. સર્વે જિલ્લા કલેક્ટરશ્રી

૫. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી

૬. સર્વે નાયબ નિયામક (આઇ.ટી.) (આઈ.સી.ટી. અને ઇ-ગવર્નન્સ), સર્વે મદદનીશ નિયામક (આઇ.ટી.) (આઈ.સી.ટી. અને ઇ-ગવર્નન્સ), સર્વે આઈ.સી.ટી. ઓફિસર

૭. પ્રોજેક્ટ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર, ગાંધીનગર

૮. સીલેકટ ફાઈલ, સા.ટે.વિ વિભાગ

પરિશિષ્ટ-૧

## <u>સ્ટેટ ડેટા સેન્ટર (SDC) ખાતે સેવાઓ મેળવવા માટેના પોર્ટલ પર વહીવટી વિભાગ ખાતેથી દરખાસ્ત મોકલવાની પદ્ધતિ</u>

**સ્ટેપ-૧** : વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વેબસાઇટ પરની https://dst.gujarat.gov.in/dstservices યુ.આર.એલ. લિંક પરથી એપ્લીકેશનના **<u>લોગ-ઇન પેજ</u>** પર જઇ શકાશે.

**સ્ટેપ-૨** : પોર્ટલ પર પ્રથમ વખત લોગ-ઇન થતાં પહેલા નામ, હોદ્દો, વિભાગ, વિભાગનું સરનામું વગેરે વિગતો ભરીને **<u>પ્રોફાઇલ અપડેટ</u>** કરવાની રહેશે.

**સ્ટેપ-૩** : લોગ-ઇન કર્યા બાદ સેવાઓ મેળવવા માટે જરૂરી વિગતો ભરીને **<u>એપ્લિકેશન રિક્વેસ્ટ</u>** જનરેટ કરી શકાશે.

**સ્ટેપ-૪** : જનરેટ કરેલ **<u>એપ્લિકેશનનું સ્ટેટસ</u>** જોઇ શકાશે.

**સ્ટેપ-૫** : ભૂતકાળમાં જનરેટ કરેલ **<u>એપ્લિકેશનની હિસ્ટ્રી</u>** પણ જોઇ શકાશે.